# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-12-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Tuesday** **National News**

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*****************************************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે, ભારતે ગરીબી અને ભૂખમરો નાબૂદી માટેની નીતિઓ દ્વારા વિશ્વ સમક્ષ જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે .
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રશિયાના સંરક્ષણ મંત્રી એન્ડ્રે બેલુસોવ આજે લશ્કરી સહકાર મુદ્દે બેઠક કરશે.
3) લોકસભા અને રાજ્યસભામાં વિરોધ પક્ષોના શોરબકોરને પગલે બંને ગૃહો આવતીકાલ પર મોકૂફ.
4) કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી એસ.એમ.ક્રિશ્નાનું બેંગલુરુમાં અવસાન.
5) BCCIએ બોર્ડના કાર્યકારી સચિવ તરીકે દેવજીત સાઇકિયાની નિયુક્તિ કરી.
6) જમ્મુ અને કાશ્મીરમાં માતા વૈષ્ણોદેવી મંદિરમાં સતત ત્રીજા વર્ષે 90 લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PRESIDENT HUMAN RIGHTS DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે, ભારતે ગરીબી અને ભૂખમરો નાબૂદી માટેની નીતિઓ દ્વારા અને યુવાનોને સમાન તકો પૂરી પાડીને વિશ્વ સમક્ષ જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આજે માનવઅધિકાર દિવસ પ્રસંગે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ-NHRC દ્વારા નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત કાર્યક્રમમાં સુશ્રી મૂર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, 5 હજાર વર્ષથી પણ જૂની સંસ્કૃતિ ધરાવતા ભારતે સૌહાર્દ, કરૂણાનાં મૂલ્યો જાળવી રાખ્યા છે. તેમણે બાળકોમાં વધી રહેલા તણાવને દૂર કરવા પગલાં લેવા આહ્વાન કર્યું છે અને એનએચઆરસી સહિતનાં હિતધારકો દ્વારા નબળા સમુદાયને સશક્ત કરવા માનવ અધિકાર માટે લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરી હતી.

(બાઇટ-રાષ્ટ્રપતિ મુર્મુ)

વિશ્વભરમાં માનવ અધિકારોનું રક્ષણ કરવા નિર્ધારિત માપદંડોનું પાલન કરવા 1948માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં આ અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.  આ વર્ષનો વિષય છે "આપણા અધિકારો, આપણું ભવિષ્ય, વર્તમાનમાં' છે.

# DAY NALSA - INTERVIEW

માનવ અધિકાર દિવસ નિમિત્તે એક મુલાકાતમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ અને રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ- NALSAના કાર્યકારી અધ્યક્ષ ન્યાયામૂર્તિ બી.આર.ગવઈએ હિંસાથી પ્રભાવિત મહિલાઓને વળતરની સુવિધા આપીને અને કેદીઓને કાનૂની સહાય પૂરી પાડવા માટે NALSAના પ્રયાસો પર ભાર મૂક્યો હતો.

શ્રી ગવઈએ, કુદરતી આપત્તિમાં અસરગ્રસ્ત પીડિતો, આદિવાસી સમુદાયો તથા દાણચોરી અને એસિડ હુમલાના પીડિતો સહિત સંવેદનશીલ જૂથોને કાનૂની સહાય પૂરી પાડવા માટે NALSA દ્વારા શરૂ કરાયેલી અનેક પહેલોને રેખાંકિત કરી હતી.

શ્રી ગવઈએ NALSAના કાર્યકારી અધ્યક્ષ તરીકે તેમના દૃષ્ટિકોણ રજૂ કરતાં જણાવ્યું કે, દરેક જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી મફત કાનૂની સહાય પહોંચે તેની ખાતરી કરી શકાય અને દેશના દૂરના ભાગોમાં કાનૂની સેવાઓને સુલભ બને તે તેમની પ્રાથમિકતા છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે, NALSA દ્વારા આયોજિત ત્રણ રાષ્ટ્રીય લોક અદાલતો દ્વારા આ વર્ષે 7 કરોડ 70 લાખથી વધુ કેસોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

# RAJNATH SINGH RUSSIA VISIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને તેમના રશિયન સમકક્ષ આન્દ્રે બેલોસોવ આજે મોસ્કોમાં સૈન્ય અને સૈન્ય ટેક્નિકલ સહકાર અંગે ભારત-રશિયા આંતર-સરકારી આયોગની 21મી બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. બંને નેતાઓ સૈન્યથી સૈન્ય અને ઔદ્યોગિક સહયોગ સહિત સંરક્ષણ ક્ષેત્રે બંને દેશ વચ્ચેના બહુપક્ષીય સંબંધોની સમગ્ર શ્રેણીની સમીક્ષા તથા પરસ્પર હિતના સમકાલીન પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

# PARL- ADJOURN

**સંસદમાં વિરોધ પક્ષના હોબાળા વચ્ચે રાજ્યસભા અને લોકસભાની કાર્યવાહી આવતીકાલે .વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે 11 રાજ્યસભાએ કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભૂતપૂર્વ વિદેશમંત્રી S.M. કૃષ્ણાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી મૌન પાળ્યું હતું.**

**અગાઉ વિવિધ મુદ્દાઓ પર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર દલીલોને પગલે સંસદના બંને ગૃહોને બપોરે .વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા હતા 12 લોકસભામાં, જ્યારે આજે સવારે ગૃહની બેઠક મળી, ત્યારે અધ્યક્ષ ઓમ બિરલાએ વિપક્ષી સભ્યોના વર્તન પર નારાજગી વ્યક્ત કરીતેમણે કહ્યું કે ., તમામ સભ્યોએ ગૃહની મર્યાદા જાળવવી જોઈએ અને દેશના લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે કામ કરવું જોઈએશ્રી બિરલાએ કહ્યું કે ., વિપક્ષનું વર્તન ગૃહના નિયમો અને પ્રક્રિયાઓ વિરુદ્ધ છે કોંગ્રેસ અને .DMK સહિતના વિપક્ષી સાંસદોએ અધ્યક્ષની ટિપ્પણી સામે વાંધો ઉઠાવતા કહ્યું કે, ટ્રેઝરી બેન્ચ કાર્યવાહીમાં વિક્ષેપ પાડી રહી છે.**

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો.

# KIREN RIJIJU PARLIAMENT

સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ સંસદીય કામોના સુચારુ સંચાલન માટે સંસદસભ્યોને ચર્ચામાં ભાગ લેવા અનુરોધ કર્યો છે. સંસદીય કામોમાં પ્રવર્તમાન વિક્ષેપ પર શ્રી રિજિજૂએ કહ્યું કે, સમાજવાદી પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ સહિતના ઘણા સાંસદોએ સંસદીય કાર્યવાહીમાં અર્થપૂર્ણ ચર્ચા માટે હકારાત્મક વલણ અપનાવ્યું છે.

શ્રી રિજિજૂએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા પણ કરી હતી. તેમણે જણાવ્યું કે, સરકાર મહત્વપૂર્ણ કાયદાઓને લાગૂ કરવા પ્રતિબદ્ધ છે અને એ બાબતમાં વિરોધ પક્ષ સહિત સંસદના પ્રત્યેક સભ્ય ચર્ચામાં ભાગ લઈ જરૂરી સૂચનો આપે તેને સરકાર પ્રાથમિકતા આપી રહી છે.

## S. M. KRISHNA

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીય મંત્રી એસ.એમ.ક્રિશ્નાનું આજે સવારે બેંગલુરુના સદાશિવનગર સ્થિત તેમનાં નિવાસસ્થાને અવસાન થયું છે. તેઓ 92 વર્ષના હતા અને લાંબા સમયથી બીમાર હતા.

એસ.એમ.ક્રિશ્નાએ તેમની રાજકીય કારકિર્દી દરમિયાન અનેક અગ્રણી હોદ્દાઓ સંભાળ્યા હતા. તેઓ વર્ષ 1999થી 2004 સુધી કર્ણાટકના મુખ્યમંત્રી અને વર્ષ 2009થી 2012 સુધી વિદેશ મંત્રી રહ્યા હતા. ઉપરાંત તેઓ વર્ષ 2004થી 2008 સુધી મહારાષ્ટ્રના 18મા રાજ્યપાલ પણ હતા.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સહિતના મહાનુભાવોએ શ્રી ક્રિશ્નાનાં અવસાન પર શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિએ તેમને

વિકાસ માટે પ્રતિબદ્ધ નેતા ગણાવ્યા જ્યારે પ્રધાનમંત્રીએ એસ.એમ.ક્રિશ્નાને માળખાકીય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરનારા નેતા તરીકે યાદ કર્યા છે.

# SMART INDIA HACKATHON

સાતમી સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન આવતી કાલથી શરૂ થશે. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આ કાર્યક્રમનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે. કાર્યક્રમ દેશભરનાં 51 કેન્દ્રોમાં શરૂ થશે, જેમાં છત્તીસગઢની ચાર શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થાય છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી જમ્મુ આવતી કાલે સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન 2024ની સોફ્ટવેર આવૃત્તિની ગ્રાન્ડ ફિનાલેની યજમાન છે.

# MUMBAI ACCIDENT

મુંબઈના કુર્લામાં ગઈ કાલે રાત્રે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં અત્યાર સુધીમાં 5 લોકોનાં મૃત્યુ અને 35 લોકોને ઇજા થઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, કુર્લા પશ્ચિમમાં એસ.જી. બર્વે માર્ગ પર આવેલી એક શાળા સામે ગઈકાલે રાત્રે કાબૂ ગુમાવનારી “બેસ્ટ”ની બસે અનેક વાહનોને ટક્કર મારતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માત દરમિયાન બસમાં અંદાજે 60 જેટલા પ્રવાસીઓ સવાર હતા.

ઈજાગ્રસ્તોને ઑટોરિક્ષા દ્વારા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર, કુર્લા બસમથકેથી નીકળેલી બસની બ્રેક ફેલ થતાં ડ્રાઈવરે બસ પર કાબૂ ગુમાવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

# REV. BCCI-SECRETARY

બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા-BCCIએ બોર્ડના કાર્યકારી સચિવ તરીકે દેવજીત સાઇકિયાની નિવૃત્તિ કરી છે. બોર્ડના કાર્યકારી પ્રમુખ રોજર બિન્નીએ તાજેતરમાં ICCના નવા અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળનારા જય શાહની જગ્યાએ શ્રી સાઇકિયાની નિયુક્તિ કરી છે.

દેવજીત સાઇકિયા ભૂતપૂર્વ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર અને હાલમાં BCCIના જોઈન્ટ સેક્રેટરી છે. શ્રી બિન્નીએ નિયમો હેઠળ કાયમી સચિવની નિમણૂક ન થાય ત્યાં સુધી તેમની બંધારણીય સત્તાનો ઉપયોગ કરીને કામચલાઉ વ્યવસ્થા તરીકે શ્રી સાઇકિયાની નિયુક્તિ કરી છે. તેઓ સપ્ટેમ્બર વર્ષ 2025 સુધી આ હોદ્દા પર રહેશે.

# UPSC MAIN RESULT

સંઘ લોકસેવા આયોગ- UPSCએ 2024ની સિવિલ સેવાઓની મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું છે. પસંદગી પામેલા ઉમેદવારો હવે ભારતીય વહીવટી સેવાઓ, ભારતીય પોલીસ સેવાઓ સહિતની અન્ય સેવાઓમાં નિયુક્ત થવા માટે વ્યક્તિગત મુલાકાત પરીક્ષામાં ઉપસ્થિત થશે.

વ્યક્તિગત મુલાકાત માટેનો કાર્યક્રમ હવે પછી જાહેર કરાશે. મુખ્ય પરીક્ષાનું પરિણામ UPSCની સત્તાવાર વેબસાઇટ પર જોઇ શકાશે.

# VAISHNODEVI DEVOTTEES

જમ્મુ અને કાશ્મીરના કટરા માતા વૈષ્ણોદેવી મંદિરમાં સતત ત્રીજા વર્ષે 90 લાખથી વધુ ભક્તોએ દર્શન કર્યા છે. સરકાર નવું વૈષ્ણવી ભવન, એક્ઝિટ ટ્રેક અને દરેક મોસમ અનુકૂળ કતાર સંકુલ સ્થાપવાની યોજના ધરાવે છે.

શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અંશુલ ગર્ગએ વર્ષ 2025 સુધીમાં પૂર્ણ થનારા ઘણા પ્રોજેક્ટ્સ અંગે માહિતી આપી હતી. આ પ્રોજેક્ટ્સમાં ફેમિલી રૂમ્સ સાથેનું નવું વૈષ્ણવી ભવન, ભીડની સરળ અવરજવર માટે એક્ઝિટ રૂટ અને દર્શની દેવરી, બાણગંગા ખાતે કતાર સંકુલનો સમાવેશ થાય છે

ઉલ્લેખનીય છે કે વૈષ્ણો દેવી મંદિર હિન્દુ આધ્યાત્મિકતા અને પૌરાણિક કથાઓમાં ઊંડું મહત્વ ધરાવે છે. વર્ષ 1986માં શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડની સ્થાપના સાથે તેના આધુનિક વિકાસની શરૂઆત થઈ હતી, વહીવટીતંત્ર સુવિધાઓ વધારવા અને મુલાકાતીઓ માટે સલામત અને વધુ આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.